# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 22-09-2024 Morning : 7.45 to 7.55

Day : Sunday National News

## આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

****************************************************

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું કે, ક્વાડ દેશ હિન્દ પ્રશાંત ક્ષેત્રને મુક્ત, ખુલ્લા, સમાવેશી અને સમૃદ્ધ રાખવા માટે પ્રતિબદ્ધ છે.
- પ્રધાનમંત્રીએ કહ્યું છે કે કેન્સરના દર્દીઓની સારવારના હેતુથી ભારત હિન્દ-પ્રશાંત દેશોને ચાર કરોડ રસી આપશે
- ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ-GeM એ તેના પ્લેટફોર્મ પર વિક્રેતાઓ અને સેવા પ્રદાતાઓ માટે લેણ-દેણ શુલ્ક ઘટાડ્યો
- શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટેની મતગણતરી શરૂ – આજે પરિણામ જાહેર થશે
- ચેસ ઑલિમ્પિયાડમાં ભારતે ફાઈનલ રાઉન્ડમાં અમેરિકાને હરાવ્યું.
- ****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-BIDEN-MEETING-QUAD

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે ક્વાડ દેશો હિન્દ પ્રશાંત ક્ષેત્રને મુક્ત, ખુલ્લા, સમાવેશી અને સમૃદ્ધ રાખવા માટે પ્રતિબદ્ધ છે. અમેરિકાના ડેલવેયરમાં ક્વાડ શિખર પરિષદમાં બોલતા શ્રી મોદીએ કહ્યું કે આ આયોજન એવા સમયે થઈ રહ્યું છે જ્યારે વિશ્વ તણાવ અને સંઘર્ષથી ઝઝૂમી રહ્યું છે અને તે મહત્વનું છે કે ક્વાડ દેશો સહિયારા લોકતાંત્રિક મૂલ્યોને ધ્યાનમાં રાખીને માનવતા માટે એક થઈને કામ કરે.

શ્રીમોદીએ જણાવ્યું હતું કે ક્વાડ સમૂહ કોઈની વિરુદ્ધ નથી અને તે નિયમો આધારિત આંતરરાષ્ટ્રીય વ્યવસ્થા, સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન અને તમામ મુદ્દાઓના શાંતિપૂર્ણ ઉકેલ માટે છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ક્વાડ દેશોએ સંયુક્ત રીતે આરોગ્ય, સુરક્ષા, ટેકનોલોજી, આબોહવા પરિવર્તન અને ક્ષમતા નિર્માણના ક્ષેત્રોમાં ઘણી પહેલ કરી છે. શ્રી મોદીએ આવતા વર્ષે ભારતમાં ક્વાડ શિખર પરિષદ યોજાવા અંગે ખુશી વ્યક્ત કરી હતી.

આ અગાઉ ગઈકાલે રાત્રે પ્રધાનમંત્રી મોદી અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડેન સાથે મુલાકાત કરી દ્વિપક્ષીય વાતચીત કરી હતી. સન્માન સ્વરૂપે આ આયોજન શ્રી બાઈડેને ડેલવેર ખાતેના તેમના નિવાસસ્થાને કર્યું હતું. આ બેઠકમાં બંને નેતાઓએ ભારત-અમેરિકા વ્યાપક વૈશ્વિક વ્યૂહાત્મક ભાગીદારીને વધુ ગાઢ બનાવવા માટે નવી સંભાવના દર્શાવી હતી.

……….2………

શ્રી મોદીએ એક સોશિયલ મીડિ યાપોસ્ટમાં, વાટાઘાટોને ફળદાયી ગણાવી અને શ્રી બાઈડેનનો આભાર માન્યો. શ્રી બાઈડેને કહ્યું કે ભારત-અમેરિકાની ભાગીદારી હાલમાં સર્વશ્રેષ્ઠ છે.

પ્રધાનમંત્રી મોદી આજે ન્યૂયોર્કમાં ભારતીય સમુદાયને સંબોધશે. તેઓ નવીન ટેક્નોલોજીના ક્ષેત્રમાં બંને દેશો વચ્ચે સહકાર વધારવા માટે ટોચની અમેરિકી કંપનીઓના સીઈઓ સાથે પણ વાતચીત કરશે.

પ્રધાનમંત્રી મોદી આવતીકાલે ન્યુયોર્કમાં સંયુક્ત રાષ્ટ્ર મહાસભામાં એક સંમેલનને સંબોધશે. સંમેલનની વિષય વસ્તુ છે – વધુ સારી આવતીકાલ માટે બહુપક્ષીય ઉકેલો. સંમેલનમાં મોટી સંખ્યામાં વૈશ્વિક નેતાઓ ભાગ લે તેવી શક્યતા છે. શ્રી મોદી વૈશ્વિક નેતાઓ સાથે દ્વિપક્ષીય બેઠકોમાં પરસ્પર હિતના મુદ્દાઓ પર પણ ચર્ચા કરશે.

# PM---CANCER-MOONSHOT-INITIATIVE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ કહ્યું છે કે કેન્સરના દર્દીઓની સારવારના હેતુથી ભારત હિન્દ પ્રશાંત દેશોને ચાર કરોડ રસી આપશે. શ્રી મોદીએ ગઈકાલે કેન્સર નિયંત્રણ સંબંધિત એક કાર્યક્રમમાં આમુજબ કહ્યું હતું. ક્વાડ પરિષદથી અલગ શ્રી મોદી આ કાર્યક્રમ માટે રાષ્ટ્રપતિ જો બાઈડેનને મળી આભાર માન્યો અને કહ્યું કે આ આયોજન દર્શાવે છે કે ક્વાડ દેશો સસ્તી અને ગુણવત્તાયુક્ત સારવાર આપવા માટે પ્રતિબદ્ધ છે. તેમણે કહ્યુંકે કોવિડ દરમિયાન પણ ક્વાડ દેશોએ ઈન્ડો-પેસિફિક ક્ષેત્રના દેશોને રસી પૂરી પાડી હતી.

શ્રીમોદીએ કહ્યું કે પરસ્પર સહયોગથી કેન્સર સામે વધુ સારી રીતે લડી શકાય છે. તેમણે કહ્યુંકે ભારતમાં સર્વાઇકલ કેન્સર માટે સસ્તું સ્ક્રીનિંગ પ્રોગ્રામ મોટા પાયે ચલાવવામાં આવી રહ્યો છે. શ્રી મોદીએ કહ્યું કે ભારતની આરોગ્ય વીમા યોજના વિશ્વમાં સૌથી મોટી છેઅને સસ્તી દવાઓ પૂરી પાડવા માટે વિશેષ કેન્દ્રો ખોલવામાં આવ્યા છે. પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે ભારતે સર્વાઇકલ કેન્સર માટે પોતાની દવા વિકસાવી છે અને યાંત્રિક બુદ્ધિની મદદથી નવા સારવાર પ્રોટોકોલ લાગુ કરવામાં આવી રહ્યા છે.

શ્રીમોદીએ એક ધરતી, એક પરિવાર પ્રત્યેના ભારતના સંકલ્પનો પુનરોચ્ચાર કર્યો અને 75 લાખ ડોલરની કિમતની કીટ આપવાની જાહેરાત કરી. તેમણે એમ પણ કહ્યું કે ભારત રેડિયોથેરાપી અને ક્ષમતા નિર્માણમાં પણ સહયોગ કરશે.

# QUAD-SUMMIT-OUTCOMES

ક્વાડ નેતાઓએ કહ્યું છે કે આ "વૈશ્વિક હિત" માટે રચાયેલ સંગઠન છે. તેમણે હિન્દ-પ્રશાંત ક્ષેત્ર અને વૈશ્વિક સમુદાયની વિકાસ પ્રાથમિકતાઓને સંબોધવા માટે ઘણી જાહેરાતો કરી હતી. જેમાં ક્વાડ કેન્સર મૂનશોટ પહેલનો સમાવેશ થાય છે, જે હિન્દ પ્રશાંત ક્ષત્રમાં સર્વાઇકલ કેન્સરની સારવારને આગળ વધારવા માટે મહત્વપૂર્ણ ભાગીદારી છે. વધુમાં હિન્દ પ્રશાંતમાં દરિયાઈ પ્રશિક્ષણ પહેલની જાહેરાત કરવામાં આવી હતી.

ક્વાડ નેતાઓએ આવતા વર્ષે ક્વાડ-એટ-સી શિપ ઓબ્ઝર્વર મિશન શરૂ કરવાની પણ જાહેરાત કરી હતી, જેનો ઉદ્દેશ્ય પરસ્પર સહકાર સુધારવા અને દરિયાઈ સુરક્ષાને વધારવાનો છે. "ફ્યુચર પાર્ટનરશિપના ક્વાડ પોર્ટ્સ"ની પણ જાહેરાત કરવામાં આવી હતી, જે અંતર્ગત ક્વાડ દેશો બંદરના માળખાકીય સુવિધાઓને મજબૂત કરશે. ક્વાડ નેતાઓએ ડિજિટલ જાહેર માળખાના વિકાસ અને અમલીકરણ માટે સેમિકન્ડક્ટર સપ્લાય ચેઇન નેટવર્ક બનાવવાની પણ જાહેરાત કરી હતી. ભારતે મોરેશિયસ માટે એક વેબ-પોર્ટલ બનાવવાની પણ જાહેરાત કરી છે જે અવકાશની મદદથી હવામાન અને આબોહવા જાણવા માટે મદદરૂપ થશે. વધુમાં, હિન્દ પ્રશાંત ક્ષેત્રના વિદ્યાર્થીઓ માટે ક્વાડ સ્ટેમ ફેલોશિપ શરૂ કરવામાં આવી છે. આ સાથે, આ દેશોના વિદ્યાર્થીઓ ભારત સરકાર દ્વારા ભંડોળ પૂરું પાડવામાં આવતી તકનીકી સંસ્થાઓમાં સ્નાતક સ્તરે એન્જિનિયરિંગનો અભ્યાસ કરી શકશે.

# REV-GEM---TRANSACTION-CHARGES

100-દિવસની પહેલના ભાગ રૂપે, ગવર્નમેન્ટ ઇ-માર્કેટપ્લેસ-GeM એ તેના પ્લેટફોર્મ પર વિક્રેતાઓ અને સેવા પ્રદાતાઓ માટે લેણ-દેણ શુલ્કમાં ઘટાડો કર્યો છે. વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રાલયે કહ્યું છે કે તેણે GeMમાં તેની લેણ-દેણ ફીમાં લગભગ 33 ટકાનો ઘટાડો કર્યો છે જે વેચાણકર્તાઓને ફાયદો કરશે અને તેમને વધુ સ્પર્ધાત્મક બનાવશે. GeM એ તેના પોર્ટલ માટે નવી આવક નીતિની જાહેરાત કરી છે.

આ પોલિસી અનુસાર 10 લાખ રૂપિયા સુધીના લેણ-દેણ પર શૂન્ય ચાર્જ લાગશે. અગાઉ આ મર્યાદા પાંચ લાખ રૂપિયા હતી. મંત્રાલયે કહ્યું છે કે આ સાથે, GeM પર લગભગ 97 ટકા વ્યવહારો શૂન્ય ચાર્જના દાયરામાં આવશે. મંત્રાલયે કહ્યું છે કે બાકીના વ્યવહારો પર, શૂન્ય પૉઇન્ટ ત્રણ શૂન્ય ટકાની નજીવી ફી વસૂલવામાં આવશે જે મહત્તમ ત્રણ લાખ રૂપિયા હશે.

મંત્રાલયે કહ્યું છે કે લેણ-દેણ માળખામાં ફેરફારનો ઉદ્દેશ્ય જાહેર ખરીદીના વાતાવરણમાં પારદર્શિતા લાવવાનો છે. આનાથી નાના ઉદ્યોગોને ફાયદો થશે..

# PIYUSH-GOYAL-EAST-ASIA-SUMMIT

ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી પીયૂષ ગોયલે કહ્યું છે કે ભારત સાત ટકાના અંદાજિત વૃદ્ધિ દર સાથે વર્ષ 2027 સુધીમાં વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ આગળ વધી રહ્યું છે. ગઈકાલે લાઓસમાં પૂર્વ એશિયાઈ દેશોના નાણા મંત્રીઓની બારમા સંમેલનમાં બોલતા તેમણે કહ્યું કે ભારત પૂર્વ એશિયાઈ સંમેલન મંચને મજબૂત કરવા પ્રતિબદ્ધ છે.

શ્રી ગોયલે કહ્યું કે આ મંચ શાંતિ, સ્થિરતા અને આર્થિક સમૃદ્ધિ માટે મહત્વપૂર્ણ છે. શ્રીગોયલે કહ્યું કે ભારત વિશ્વ વેપાર સંગઠનને ખુલ્લું, પારદર્શક અને સમાવિષ્ટ બનાવવા માટે તેમાં સુધારા કરવા પ્રતિબદ્ધ છે. શ્રી ગોયલે ભારતીય સમુદાય સાથે પણ વાતચીત કરી અને બંને દેશો વચ્ચેના સંબંધો સુધારવામાં તેમની ભૂમિકાની પ્રશંસા કરી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

. . . . . . . . . . . . . . .

# REV. SRI LANKA COUNTING

શ્રીલંકામાં રાષ્ટ્રપતિની ચૂંટણી માટે મતગણતરી ચાલી રહી છે. NPPના નેતા અનુરા કુમારા દિસાનાયકે પોસ્ટલ બેલેટમાં અન્ય ઉમેદવારોથી આગળ ચાલી રહ્યાં છે. રાષ્ટ્રપતિની આ ચૂંટણીમાં કુલ 75 ટકા જેટલું મતદાન થયું હતું. કેટલાંક છૂટાછવાયા બનાવોને બાદ કરતાં મતદાન મહદઅંશે શાંતિપૂર્ણ રહ્યું હતું. દરમિયાન, વર્તમાન રાષ્ટ્રપતિએ સાવચેતીના પગલા તરીકે ગઈકાલે રાત્રે કર્ફ્યુ લગાવ્યો હતો. ચૂંટણી પંચ આજે પરિણામ જાહેર કરશે.

# CHESS-OLYMPIAD

ચેસ ઓલિમ્પિયાડમાં ભારતે ફાઈનલ રાઉન્ડમાં પ્રથમ ક્રમાંકિત અમેરિકાને હરાવ્યું હતું. ઓપન કેટેગરીમાં ગુકેશે વિશ્વના બે નંબરના ખેલાડી ફેબિયાનો કારુઆના સામે જીત મેળવી હતી, જ્યારે અર્જુને લેઈનિઅર ડોમિંગ્વેઝને પરાજય આપ્યો હતો. જોકે, પ્રજ્ઞાનન્ધાનો વેસ્લે સો સામે પરાજય થયો હતો, જ્યારે વિદિત ગુજરાતી અને લેવોન એરોનિયનની મેચ ડ્રો રહી હતી.

આ પ્રદર્શન સાથે, ભારત 10 રાઉન્ડ પછી 19 મેચ પોઈન્ટ સાથે લીડરબોર્ડમાં ટોચ પર છે. જ્યારે મહિલા વિભાગમાં ભારતે ચીનને હરાવ્યું, જેમાં દિવ્યા દેશમુખેની શિકુનને હરાવી, જ્યારે બાકીની ત્રણ રમતો ડ્રોમાં પરિણમી, ભારતને 2.5 થી 1.5ના માર્જિનથી વિજય મળ્યો. મહિલા વર્ગમાં ભારત 17 પોઈન્ટ સાથે કઝાકિસ્તાન સાથે ટોચ પર છે. આજે બપોરે અઢી વાગે ફાઇનલ રાઉન્ડ શરૂ થશે.

## હવે આજના અખબારોના મુખ્યસમાચારો રજૂ કરે છે

## મારા સહયોગી પ્રવેશ અડિએચા

1. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અમેરિકા પહોંચ્યા એ સમાચાર મોટાભાગના અખબારોએ પહેલા પાના પર પ્રકાશિત કર્યાં છે.
2. નવગુજરાત સમય લખે છે, અમેરિકામાં મોદીનું બાઈડેન સાથે અનેક મુદ્દા પર મંથન. “મોદી અમેરિકા પહોંચ્યાઃ બાઈડેન સાથે મુલાકાતઃ યુએન મહાસભાને પણ સંબોધન” આ સંદેશનું શીર્ષક છે.
3. સંદેશ એક અહેવાલમાં લખે છે, બેદરકાર AMC : થલતેજમાં ત્રણ વર્ષથી EWSના 1 હજાર 190 મકાનો તૈયાર જ ન થયા.
4. મણિપુરમાં મ્યાંમારના રસ્તે 900 ઉગ્રવાદીઓ ઘૂસતા એલર્ટ – આ ગુજરાત સમાચારનું મુખ્ય શીર્ષક છે.
5. ફૂલછાબ મુખ્ય શીર્ષકમાં લખે છે, ટીટીડીનો દાવો – પ્રસાદ હવે શુદ્ધ અને સુરક્ષિત, તિરૂમાલા તિરૂપતિ દેવસ્થાનમે પણ પ્રસાદમાં નબળી ગુણવત્તાના ઘી અને જાનવરની ચરબીની પુષ્ટિ કરી.

# WEATHER

હવામાન વિભાગે આગામી પાંચ દિવસ વિદર્ભમાં તેમજ છત્તીસગઢમાં ચાર દિવસ સુધી ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. હવામાન વિભાગે ઉમેર્યું હતું કે નાગાલેન્ડ, મણિપુર, મિઝોરમ અને ત્રિપુરામાં આગામી સાત દિવસ દરમિયાન વરસાદની સંભાવના છે.

આસામ અને મેઘાલયમાં આવતીકાલથી શુક્રવાર સુધી જયારે બિહારમાં બુધવાર સુધી છૂટાંછવાયાં વિસ્તારોમાં વરસાદ પડી શકે છે. આવતીકાલથી આગામી ત્રણ દિવસો દરમિયાન દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને યાનમમાં અને ઉત્તરીય કર્ણાટક અને તેલંગાણામાં છૂટાછવાયા ભારે વરસાદની પણ શક્યતા છે.